# મકાઇની ચોકસાઇ પૂર્વકની ખેતી પધ્ધતિ અંગે રાજય કક્ષાનો તાલીમ કાર્યક્રમ

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેઇઝ રીસર્ચ, (આઇ.સી.એ.આર) ન્યુ દિલ્હી આર્થીક સહાયથી મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા તથા આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢબારીયાના સંયુકત ઉપક્રમે મધ્ય ગુજરાતના જીલ્લાઓના કૃષિ વિભાગના વિસ્તરણ અધિકારીઓ તથા ગ્રામ સેવકોને ''મધ્ય ગુજરાત માટે ચોકસાઇ પૂર્વકની ખેતી પધ્ધતિ' ની તાલીમ તા.૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૧૬ ના રોજ રાજયનું મકાઇનું ઉત્પાદન વધે તે હેતુંથી તાલીમ આયોજીત કરવામાં આવેલ હતી આ કાર્યક્રમનું ઉદ્દઘાટન ડૉવી.આર.બોઘરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ દ્વારા કરવામાં આવેલ હતું. મકાઇની ઓછા ખર્ચે વધુ ગુણવત્તાસભર ઉત્પાદન લેવા માટે ચાવીરૂપ મુદ્દાઓના જુદા જુદા ૧૨ વિષયો ઉપર વ્યાખ્યાન, વિષય નિષ્ણાંતઓ દ્વારા આપવામાં આવેલ હતા. તાલીમ વ્યાખ્યાન સંપુટ દરેક તાલીમાર્થીને વિષય અનુરૂપ આપવામાં આવેલ હતુ. મધ્ય ગુજરાતમાં મકાઇ ઉગાડતા ખેડૂતો માટે ચોક્કસ ઉપયોગી થશે. આ કાર્યક્રમમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર આ.કૃ.યુ., ગોધરાના કચેરીના વડા તથા સંશોધન વૈજ્ઞાનિકશ્રી (મકાઇ) ડૉ. એસ.એમ.ખાનોરકર દ્વારા મધ્ય ગુજરાત માટે ભલામણ કરેલ મકાઇની જાતો અંગે માહિતિ આપી અને જરૂરી સુચનાઓ પણ આપેલ હતી. પ્રો.કે.એચ.પટેલ, (એગ્રોનોમી) દ્વારા શિયાળુ તથા ચોમાસુ મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તથા ડૉ.પીનાકીન પરમાર (બ્રીડીંગ) અને ડૉ. ભરતભાઇ ઠક્કર (વિસ્તરણ શિક્ષણ) એ બીયારણ ઉત્પાદન તાંત્રિકતા અને પ્રથમ હરોળ નિદર્શન અંગે વ્યાખ્યાન આપેલ હતા. કાર્યક્રમના સમાપન સમારોહમાં ડૉ.ડી.એમ.કોરાટ, સહ સંશોધન નિયામકશ્રી તથા ડૉ.વી.પી.રામાણી, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી આ.કૃ.યુ., આણંદ માઇક્રોન્યુટ્રીયન્સ વિભાગ, આણંદ ઉપસ્થિત રહેલ હતા તેઓશ્રીએ પણ પ્રસંગેને અનુરૂપ વક્તવ્ય આપેલ હતુ અંતમાં તાલીમાર્થીઓઓને પ્રમાણપત્રોનું વિતરણ કરી ફીડ બેક લેવામાં આવેલ હતા. એકદંરે તાલીમ ખૂબ જ સફળતાપૂર્વક તાલીમાર્થીઓના ઉમંગ ઉત્સાહ સાથે પૂર્ણ થયેલ હતી

આ તાલીમ અને પ્રદર્શન કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન પ્રો.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો.) તથા ડૉ.બી.એન.ઠક્કર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા કરવામાં આવેલ હતું. દેવગઢબારીઆ કેન્દ્રના વડા ડૉ.જી.જે.પટેલ દ્વારા તાલીમ માટે સંપૂર્ણ સહકાર આપવામાં આવેલ હતો




